**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરના બજારોમાં ખરીદીનો ધમધમાટ

## સામાન્ય દિવસો કરતા રવિવારની રજાના દિવસે બજારો શહેરીજનોથી ઉભરાયા

ગાંધીનગર, તા.૨૧
શહેરમાં લગ્નસરાની સિઝન ચાલી રહી છે ત્યારે રવિવારની રજાના કારણે ખરીદીનો માહોલ જામ્યો હતો. સેક્ટર-૨૧ના માર્કેટમાં પાર્કીંગ ગાડીઓથી ખીચોખીચ જોવા મળ્યું હતું. સામાન્ય દિવસોમાં આટલી બધી ભીડ જોવા મળતી નથી જે રજાના દિવસમાં જોવા મળે છે કારણકે શહેરમાં નોકરીયાત વર્ગ વધારે પ્રમાણમાં રહે છે જેઓને માત્ર રજાના દિવસોમાં જ ખરીદી કરવાનો સમય મળી રહે છે. સેક્ટર-૨૧માં પગ મુકવાની પણ જગ્યા ન મળે તેટલી ભીડ ઉમટી હતી. ગ્રાહકોની સંખ્યા જોઈને વેપારીઓમાં પણ આનંદ છવાયો હતો.

દિવાળી પર્વ બાદ તરત જ લગ્ન પ્રસંગો શરૂ થઈ ગયા છે ત્યારે શહેરીજનો ટાંકણીથી માંડી કપડાં સુધીની તમામ ચીજવસ્તુઓની ખરીદી અર્થે રજામાં ઘરની બહાર નીકળ્યા હતા તેથી શહેરમાં જે દિવાળી પર્વ બાદ બજારોમાં શાંતિ છવાઈ ગઈ હતી તે પાછી ગઈકાલે ગ્રાહકોની ભીડથી જમાવટ કરતી દેખાઈ રહી હતી. આ માર્કેટમાં ગૃહિણીઓ શાકભાજી લેવા માટે રવિવારના દિવસે વધારે આવે છે તે પણ એક કારણ છે જેથી માર્કેટમાં ગ્રાહકોની અવર જવર વધારે હતી. આ ઉપરાંત લગ્નની ખરીદી માટે મોટાભાગના નાગરિકો જોવા મળી રહ્યા હતા. જેમાં કપડાની દુકાનો, જવેલરીની દુકાનો, બૂટ ચંપલની દુકાનો, દરજીની દુકાનો, ફાસ્ટ ફુડની દુકાનો, મહેંદીની દુકાનો, વાસણોની દુકાનો, ફર્નીચરની દુકાનોમાં ભારે ભીડ જોવા મળી હતી.

સેક્ટર-૨૧માં મોટા ભાગના નાગરિકો ખરીદી માટે આવે ત્યાર બાદ પૂજા પાર્લર, રાધે સ્વીટસ, સૌરાષ્ટ્ર ફરસાણની મુલાકાત લીધા વગર જતા નથી તેથી ખાવાના શોખીનો ખરીદી કર્યા બાદ ગરમા ગરમ નાસ્તાઓની મજા માણતા પણ નજરે ચડયા હતા. સેક્ટર-૨૧માં ઘણા સમય બાદ પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેથી નાગરિકોને પાર્કીંગની સમસ્યાનો સામનો કરવો પડતો નથી. આ પાર્કીંગમાં સાધનોની ભીડ જોવા મળી હતી. ટુ વ્હીલરથી ફોર વ્હીલર તમામ પાર્કીંગ પેક થઈ ગયા હતા તેથી ગાડીઓ ફૂટપાથ વિસ્તારોમાં પાર્ક કરવામાં આવી હતી.





શહેરીજનો રજાનો દિવસ માણવા માટે પણ માત્ર ફરવાના ઉદ્દેશ્યથી બહાર નીકળેલા જોવા મળતા હતા જેઓને કોઈપણ ખરીદી કરવાની ન હોય તેમ છતાં માત્ર આંટો મારવા બજારમાં આવ્યા હોય તેવા પણ ઘણા શહેરીજનો જોવા મળ્યા હતા. આ ઉપરાંત સે-૨૧ આઈનોકસ ૨૧માં મુવી જોવા માટે પણ ભીડ જોવા મળી રહી હતી. ઓશિયા મોલમાં ગ્રાહકોની ભીડ જામી હતી જે દિવાળી બાદ સુનું પડી ગયું હતું તે ઓશિયા મોલમાં રજાના દિવસે ઉત્સાહપૂર્વક ગ્રાહકો ખરીદી કરી રહ્યા હતા જેથી રવિવારના દિવસે શહેરભરમાં શહેરીજનોની અવરજવર જોવા મળી હતી. જેમાં તમામ બજારોમાં ભીડની જમાવટ જેવા દશ્યો જોવા મળ્યા હતા.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો




અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જે વ્યવસાયી મહિલા છાત્રાલય ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, ઉપપ્રમુખ મંદાબેન ધોળકીયા, ઉષાબેન ગજ્જર, સેક્રેટરી વૈશાલીબેન જોષી, મંજુલાબેન ભલગામી, પ્રતિમાબેન શાહ, સરોજનબેન દેસાઈ, પલ્લવીબેન ગુપ્તે, ચેતનાબેન બુચ, મીત્તલબેન રાણા, વિમળાબેન અયાચી, દિપ્તીબેન, હંસાબેન જોષી, સાબેરાબેન દેસાઈ, ડૉ. તન્ના, ઉપાધ્યાયભાઈ, બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રવીણાબેન વોરા, લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણા, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના મીનલબેન ઓઝા, કોર્પોરેટર હેમાબેન ભટ્ટે ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવ્યો હતો. આ સાથે અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘનો સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. સોલંકી ધુરીબેન લક્ષ્મણજી, ઉ.વ. ૭૧, આલમપુર
- સ્વ. નટ બાલુબેન રતિલાલ, ઉ.વ. ૪૮, આદરજ મોટી
- સ્વ. ચમાર સમુબેન દેવશીભાઈ, ઉ.વ. ૮૫, રાયસણ

## સે-૨૪માં શ્લોક ઉચ્ચારણ સાથે સૂર્યનમસ્કાર સહિતના નિઃશુલ્ક યોગ પ્રાણાયામ



ગાંધીનગર, તા.૨૧
શિયાળો એટલે સ્વાસ્થ્યની ઋતુ. આમ પણ કોરોના મહામારીના કારણે હવે નાગરિકો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બન્યા છે અને તે સાથે સાથે યોગ પ્રાણાયામનું મહત્વ પણ સમજતા થયા છે. ભારતીય સંસ્કૃતિની અનોખી દેન સમા યોગ-પ્રાણાયામ હવે વધુને વધુ પ્રચલિત બની રહ્યા છે. હવે શિયાળાની સવારે મોર્નિંગ વોક અને એકસરસાઈઝ કરનારાઓ યોગ-પ્રાણાયામને અપનાવી રહ્યા છે તે ઉપરાંત અન્ય નાગરિકો પણ કોઈને કોઈ રીતે નિયમિત યોગ શિબિરમાં જોડાઈ રહ્યા છે. શહેરના સેકટર-૨૪માં છેલ્લા કેટલાંક મહિનાથી રંગમંચ ખાતે દરરોજ સવારે નિયમિત રીતે મહર્ષિ પતંજલિ યોગ સમિતિ દ્વારા નિઃશુલ્ક વર્ગો ચલાવાઈ રહ્યા છે જેના યોગ શિક્ષક મનોજકુમાર દ્વારા આધ્યાત્મિક સંગીત સાથે પધ્ધતિસર યોગ પ્રાણાયામ શીખવાડવામાં આવે છે. સે-૨૪ના યોગ શિબિરની ખાસિયત એ છે કે અહીં યોગાર્થીઓ છેલ્લે કુલ ૧૨ સૂર્ય નમસ્કાર કરે છે જે ખાસ પ્રકારના સૂર્ય આરાધનાના શ્લોકોના ઉચ્ચારણ સાથે કરવામાં આવે છે. સવારે સાડા પાંચે શરૂ થઈ જતા આ યોગ-પ્રાણાયામ સાત વાગ્યા સુધી ચાલે છે.

## પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંગીતમય શ્રીમદ ભાગવત કથાનું આયોજન

શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંગીતમય શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરેલ છે. કોરોનાકાળમાં દિવંગત થયેલા સ્વજનોના મોક્ષાર્થે આ કથાનું આયોજન કરવામાં આવેલ છે. જે આંતરરાષ્ટ્રીય કથાકાર અને ધર્મ સાંસદ પરમપૂજય કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે યોજાનાર છે. આ કથા ૩૦ ડિસેમ્બરના રોજ ગુરુવારથી ૫ જાન્યુઆરી સુધી બપોરે ૧.૩૦ થી ૫.૩૦ સુધી શિવશકિત મંદિર મેદાન, સે-૫-એ ખાતે યોજાશે. કથાના આગળના દિવસે ૯મીના રોજ બપોરે ૩.૦૦ કલાકે ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદના ગરબાનું આયોજન કરેલ છે. જેમાં ધર્મપ્રેમી જનતાને આ કથાનું રસપાન કરવા માટે પધારવા હૃદયપૂર્વક આમંત્રણ છે. કોરોનાકાળમાં સ્વધામ ગયેલા સ્વજનોના મોક્ષાર્થે યોજાનાર આ કથામાં જે પરિવારને ભાગ લેવો હોય તેમણે ૧૦ ડિસેમ્બર સુધીમાં સ્વધામ ગયેલા સ્વજનનો ૧ ફૂટ બાય ૧ ફૂટનો ફ્રેમ કરેલ ફોટો પહોંચાડવાનો રહેશે. આ કથામાં આ પૂજા તદ્દન નિઃશુલ્ક કરાવવામાં આવશે. જેથી કોરોના કાળમાં સ્વધામ ગયેલા પરિવારને આ કથામાં ભાગ લેવા માટે હૃદયપૂર્વકનું નિમંત્રણ પાઠવ્યું છે. આ કથામાં મુખ્ય યજમાન, સહયજમાન, પોથી યજમાન, સાઉન્ડ સેવા, લાઈટ ડેકોરેશનની સેવા, મંડપની સેવા, આમંત્રણ પત્રિકાની સેવા, બ્રહ્મભોજનની સેવા, ફૂલહારની સેવા,પાણીની સેવાઓ સ્વીકાર્ય છે તથા આ કથામાં ભાગ લેવા માટે નટુભા જાડેજા(મો. ૯૩૨૭૧ ૫૯૯૯૮), લગધીર દેસાઈ (મો. ૯૮૨૫૮ ૪૭૨૩૧), કેયુર દેસાઈ (મો. ૯૮૨૫૦ ૭૩૫૩૭), ઘનશ્યામ પટેલ (મો. ૯૮૨૪૪ ૮૫૨૬૩)નો સંપર્ક કરવા જણાવાયું છે.

## શ્રી ઈચ્છાપૂર્તી હનુમાનજી મંદિરે સુંદરકાંડ પાઠ

કળયુગનાં ચિરંજીવી દેવ હનુમાનજી મહારાજને પ્રસન્ન કરતો - રામચરિત માનસનાં પંચમ સોપાન ‘સુંદરકાંડ પાઠ’ તારીખ ૨૨-૧૧-૨૧, સોમવાર, સમય રાત્રે ૮.૩૦ કલાકે સ્થળ ઈચ્છાપૂર્તી હનુમાનજી મંદિર, ખ-૭ કોર્નર, સેક્ટર-૨૭ ખાતે યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતીજી મહારાજની વ્યાસપીઠે યોજાશે. સમગ્ર આયોજન હનુમાનજી ભક્તો દ્વારા કરવામાં આવ્યુ છે. સમગ્ર ભક્તજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

# સૌથી નવું અને સૌથી નાનું પણ ઝાઝી સમસ્યાઓથી ઘેરાયેલું સે-૩ ન્યુ

## સેક્ટર-૩ ન્યુમાં જાહેર સફાઇ અને રખડતાં ઢોરની સમસ્યા સાથે કેટલીક સુવિધાઓનો અભાવ : કંમ્પાઉન્ડ વોલ તો બનાવી પરંતુ સેક્ટર ફરતેના ગેરકાયદેસર દબાણો વસાહતીઓ માટે સુરક્ષા સહિત જાહેર આરોગ્ય માટે પણ જોખમી

ગાંધીનગર, તા.૨૧
ગાંધીનગરની રચનામાં મોટા ભાગના સેક્ટર એક સરખાં માપના બનાવાયા છે પરંતુ કેટલાંક સેક્ટરમાં નજીકનો વધારાનો વિસ્તાર જેમકે જીઆઈડીસી અથવા રેલ્વે લાઈન નજીકનો ભાગ ઉમેરાતા તે મોટા સેક્ટર બન્યાં તે જ રીતે કેટલાંક સેક્ટર ભૌગોલિક કારણોસર સાઈઝમાં નાના બન્યાં છે. જોકે એક સેક્ટર એવું પણ છે જે પહેલાં અન્ય સેક્ટરનો ભાગ હતું અને છએક વર્ષથી તે અલગ થઈને સ્વતંત્ર સેક્ટર તરીકે ઓળખ કેળવી ચુક્યું છે. અગાઉ સેક્ટર-૩એના ભાગ તરીકે જેને સેક્ટર-૩એ ન્યુ તરીકે ઓળખવામાં આવતું હતું તે હવે તે વર્ષ ૨૦૧૫થી સ્વતંત્ર સેક્ટર-૩ ન્યુ બન્યું છે. સેક્ટર-૩ ન્યુ શહેરનું સૌથી નાનું સેક્ટર છે પરંતુ અહીં સમસ્યાઓ તો મોટા સેક્ટર્સના જેટલી જ મોટી જોવા મળી રહી છે. નવા વિકસેલા આ સેક્ટરને હજુ સુધી સાઈનબોર્ડનું સુખ મળ્યું નથી.

એક કહેવત છે કે ‘ઝાઝા હાથ રળિયામણાં’ પરંતુ માંડ ૬૨૦ જેટલાં રહેણાંક પ્લોટ જેમાંથી ૩૫ જેટલાં તો ખાલસા થઈને ખાલી પડ્યાં છે અને અંદાજે ૨૨૦૦થી ૨૫૦૦ની વસ્તી વચ્ચે જાહેર શૌચાલયની સુવિધા વિનાનું માત્ર એક જુનું શોપિંગ સેન્ટર ધરાવતા નાનકડાં સેક્ટર-૩ ન્યુમાં નાગરિક સક્રિયતા વધુ સારી જોવા મળે છે અને જયાં કોઈ વાર-તહેવાર ઉજવવાનો હોય કે કોઈપણ સમસ્યા અંગે તંત્રમાં રજુઆત કરવાની હોય પણ સક્રિય નાગરિકોની હાજરી નોંધપાત્ર પાત્ર હોય અને કદાચ એટલે જ અહીં નવરાત્રીની સહિત અન્ય તહેવારોની પણ ઉજવણી ખૂબ સારી થાય છે જેનો યશ કદાચ સેક્ટર-૩ ન્યુ વસાહત મંડળની સક્રિયતાને પણ આપવો પડે. આમ તો સેક્ટર-૩ ન્યુમાં રોડ-રસ્તા અને ગટર-પાણી બાબતે અન્ય સેક્ટરો જેવી બુમરાણ નથી અને તાજેતરમાં જ વર્ષોથી ખંડેર પડેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રિનોવેટ કરીને આયુર્વેદિક ઓપીડી પણ શરૂ કરી દેવાઈ છે પરંતુ આ સેક્ટરમાં ખુલ્લાં કોમન પ્લોટ્સ તેમજ આસપાસની માર્જિનની જગ્યાઓમાં જાહેર સાફ-સફાઈમાં બેદરકારી તેમજ સેક્ટરની ફરતે જંગલ જેવી ઝાડીઓમાં ગેરકાયદેસર દબાણ સાથે વધી ગયેલી ઝુંપડપટ્ટીથી ફેલાતી ગંદકી સેક્ટરના નાગરિકોના આરોગ્ય સામે ખતરો છે તેવું અગ્રણી વસાહતી રસિકભાઈ કટારાનું માનવું છે. ગેરકાયદેસર ઝુંપડપટ્ટીમાં વસતાં શ્રમજીવી પરિવારોનું સેક્ટર ફરતેની ખુલ્લી જગ્યામાં ન્હાવું-ધોવું અને શૌચક્રિયા કરવી વગેરે ઉપરાંત તેમાં ફુલીફાલી રહેલાં કેટલાંક અસામાજિક તત્વોને તો સેક્ટરની નવી બનેલી કમ્પાઉન્ડ વોલ પણ રોકી શકી નથી અને તેના કારણે સેક્ટરમાં નાની મોટી ચોરી-ચકારી, બહારના મુખ્ય માર્ગો પર ચેઈન સ્નેચિંગ તેમજ માદક પદાર્થોના સેવન સાથે ગાળાગાળી-ઝઘડાં વગેરેની ફરિયાદો સતત ઉઠતી રહે છે. આમ પણ સેક્ટર-૩ ન્યુ પાસે આવેલી જિલ્લા આરટીઓ કચેરીના કારણે પણ અહીં દિવસભર બહારથી આવતાં વાહનોના પાર્કિંગનો જમેલો રહે છે જેમાં અનેક તત્વોના બેફામ વર્તન નજીકના રહીશોને સહન કરવા પડી રહ્યાં છે. સેક્ટરવાસીઓની સુરક્ષા માટે સેક્ટરના ત્રણેય તરફના પ્રવેશમાર્ગો પર સીસીટીવી કેમેરા લગાડાય તેવું વસાહતીઓ ઈચ્છી રહ્યાં છે.




સેક્ટર-૩ ન્યુની ફરતે તાજેતરમાં જ નવી કમ્પાઉન્ડ વોલ બનાવાઈ છે જેનો થોડોક ભાગ બનાવાનો કોઈ કારણસર બાકી છોડી દેવાયો છે પરંતુ જેટલી બનાવાઈ છે તેમાં પણ કેટલાંક ભાગની ઉંચાઈ એટલી ઓછી છે કે કુતરું પણ કુદીને અંદર આવી જાય છે તો રખડતી ગાયો કે નીલગાયો તો ઠીક ચોરોથી પણ સલામતી મળવી મુશ્કેલ છે. આર. કે. સથવારા નામના વડીલ જણાવે છે કે કંમ્પાઉડ વોલ પાસે સ્ટ્રીટલાઈટનો અભાવ હોવાથી તે મરેલાં જાનવર સહિતની ગંદકી જ્યાં ત્યાં ફેંકનારા અને જાહેરમાં શૌચક્રિયા કરનારાઓ માટે આડશ સમાન બની ગઈ છે. આમ પણ ચોમાસા પછી વકરેલાં ઝાડી-ઝાંખરાંની સફાઈ અનેકવાર રજુઆતો છતાં કરાતી નથી અને સેક્ટર ફરતેની વધુ પડતી જંગલ જેવી ઝાડીઓના કારણે અહીં વારંવાર કોબ્રા સહિતના ઝેરી સરિસૃપનું નીકળવું અને જીવજંતુઓનો ઉપદ્રવ સામાન્ય બાબત બની ગઈ છે. સેક્ટર-૩ ન્યુમાં રખડતી ગાયોની સમસ્યા તો બાળકો અને વડીલો સહિત વાહનચાલકો માટે પણ જોખમી છે. ડો.એચ.ટી.પરમાર કહે છે કે સેક્ટરમાં પ્રાથમિક શાળા કે રંગમંચ પણ નથી પરંતુ રિનોવેટ થઈ રહેલા બગીચાની ડિઝાઈનમાં વયોવૃદ્ધ વડીલો માટે યોગ્ય વ્યવસ્થા જણાતી નથી કે તેમાં દસેક વર્ષથી સવારે નિયમિત રીતે ચાલતાં યોગ-પ્રાણાયામને અનુકૂળ આવે તેવી છત્ર સાથેની સુવિધા નથી. કદાચ સૌથી છેવાડાંનું સેક્ટર હતું એટલે તેની સાથે તંત્રનો વ્યવહાર પણ છેવાડાંનો જ થયો છે.

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

●●●

સેક્ટર-૩ ન્યુમાં જાહેર સફાઈ અને રખડતાં ઢોરની સમસ્યા સાથે પોસ્ટ ઓફિસની ખોટ પણ છે જેના કારણે સેક્ટરના વડીલોને છેક સે-૬ સુધી લાંબા થવું પડી રહ્યું છે. સેક્ટરના પ્રવેશમાર્ગો પર સીસીટીવી કેમેરા લગાડાય અને પશુઓના પ્રવેશી શકે તે માટે કેટલટ્રેપ જેવી સુવિધા કરવામાં આવે તે જરૂરી છે.

**- જયેશભાઇ આગજા**
**પ્રમુખ, સે.૩ન્યુ વસાહત મંડળ**

●●●

સેક્ટર-૩ ન્યુની કંમ્પાઉન્ડ વોલ પાસે ખોદકામની માટી ત્યાં જ નાંખી દેવાતા વોલની હાઈટ ઓછી થઇ ગઇ છે જેથી વોલ તેના ઉદ્દેશથી વિપરિત બિનઉપયોગી બની ગઇ છે. વળી અંદરની તરફ અપૂરતા માટી પુરાણથી વરસાદી પાણીનો ભરાવો થાય છે અને જીવજંતુઓનો ઉપદ્રવ વધારે છે.

**- ક્રિષ્ના જોશી, યુવા વસાહતી**

●●●

સેક્ટર-૩ ન્યુની એક તરફ એસજી હાઈવે પર ઓવરબ્રિજ બનાવાયો છે પરંતુ ગ રોડ પરથી તેને ક્રોસ કરવા ઘ-0ની જેમ કોઈ ગરનાળું કે સર્કલ અપાયું નથી તેથી આ વિસ્તારના નિયમિત અપડાઉન કરતાં મુસાફરો સહિત વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે જેથી તે અંગે તંત્રએ સત્વરે વિચારવાની જરૂર છે.


**- બિપીનભાઇ પરમાર, મંત્રી, સે.૩ન્યુ નવરાત્રી સમિતિ**









## જન્મદિને વધામણી



ગાયત્રીબા પ્રતિકસિંહ ગોહિલ


અમીતાબેન કિરીટભાઈ પરેરા
મો. ૯૮૯૮૧ ૮૬૬૦૯


રાજ ચૌધરી
મો. ૯૪૨૮૩ ૧૧૦૮૭


જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦


વંશ દેવેન્દ્રભાઈ પરમાર
મો. ૯૯૭૪૬ ૮૯૩૨૩


સત્વ સતીશકુમાર બારોટ

## સે-૨૫ જોગણી માતાના મંદિરે સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧
વિશ્વ પ્રવાસી સંઘ દ્વારા નિર્મોહી આશ્રમ સેકટર-૨૫ ખાતે જોગણી માતાના મંદિરમાં ચાલી રહેલા સેવા પરમો ધર્મ સુત્રને સાર્થક કરતા અશ્વિનભાઈ ત્રિવેદી, કન્હૈયા લાલ પંડ્યા, અરુણસિંગ રાજપુત, મુકેશભાઈ પંડ્યા, દિલીપસિંહ,



કુલદીપ સિંહ અને મંદિરના મહારાજ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ગરીબ અને કુપોષિત બાળકો માટે ખિચડીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જોગણી માતાના મંદિરમાં છેલ્લા ૭૦ વર્ષથી અહીં અખંડ જયોત પણ ચાલી રહી છે. આ બધાજ મહાનુભાવોનું વિશ્વ પ્રવાસી સંઘના ઈલેવન ઠાકર, કોર્પોરેટર સોનાલિબેન પટેલ, હેમાબેન ભટ્ટ, ભરતભાઈ ગોહીલ અને સંઘના ઉરેન પટેલ, કેતન જોષી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.